# **અગ્રતા ક્રમાંક: ૨૧**

## **પ્રશ્ન ક્રમાંક::૧૫/૦૪/૧૩૩૧ માન. ધારાસભ્યશ્રી અમિતભાઇ ચાવડા (આંકલાવ)**

### **પુરક પ્રશ્નો**

૧. લોકપાલની સત્તા અને જવાબદારીઓ શુ છે?(શ્રી વિપુલભાઈ પટેલ (સોજીત્રા))

૨. લોકપાલને કયા કયા વિષયો પર ફરિયાદ કરી શકાય છે ? (શ્રી કમલેશ પટેલ (પેટલાદ))

૩. રાજ્યમાં અત્યારસુધી લોકપાલ સમક્ષ કેટલી ફરિયાદો મળેલ છે? તે પૈકી કેટલી ફરિયાદોનો નિકાલ કરવામાં આવે છે અને કેટલી ફરિયાદો પડતર છે ? (શ્રી રાજેશકુમાર ઝાલા (કપડવંજ))

| | **અન્ય પુરક પ્રશ્નો** |
|---|---|
| 1 | લોકપાલની સ્વાયત્તતા અને મહેનતાણાની જોગવાઈ શી છે? |
| 2 | **લોકપાલ સમક્ષ ફરિયાદ દાખલ કરવાની પ્રક્રિયા શી છે ?** |

પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી વિપુલભાઈ પટેલ (સોજીત્રા)

**પ્રશ્ન : ૧** લોકપાલની સત્તા અને જવાબદારીઓ શુ છે?

**જવાબ:**

- મનરેગા શ્રમિકો અને અન્ય લોકો પાસેથી ફરિયાદો મેળવવી.
- મળેલ ફરિયાદો પર વિચાર કરવો અને ફરિયાદ મળ્યાની તારીખથી ૩૦ દિવસની અંદર એવોર્ડ પાસ કરવો.
- જરૂર પડ્યે મનરેગા ઓથોરિટી પાસે ફરિયાદને લગતી કોઈ પણ માહિતી પુરી પાડવા, સ્થળ તપાસ કરવા ફરજ પાડવી.
- ગંભીર કિસ્સાઓમાં જાત તપાસ કરી શકે છે.
- પ્રત્યક્ષ નિવારણ, શિસ્ત અને સુધારાત્મક/શિક્ષાત્મક પગલા લેવા રાજ્ય સરકારને જાણ કરી શકે છે.

Back To Index

પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી કમલેશ પટેલ (પેટલાદ)

પ્રશ્ન : ૨ લોકપાલને કયા કયા વિષયો પર ફરિયાદ કરી શકાય છે ?

જવાબ: મહાત્મા ગાંધી નરેગા યોજનાના અમલીકરણમાં **નીચેનામાંથી કોઈપણ એક અથવા વધુ વિષયોને લગતી ફરિયાદ** લોકપાલ પાસે કરી શકાય છે;

- **ગ્રામસભાની મીટીંગો અને તેમનો રેકોર્ડ રાખવા,**
- **ઘરોની નોંધણી અને જોબકાર્ડ ઇસ્યુ કરવા,**
- **જોબકાર્ડની કસ્ટડી (કબ્જો),**
- **કામની માંગ,**
- **રોજગાર માટેની અરજી સામે સ્વીકૃતિ તારીખની રસીદ આપવી,**
- **વેતનની ચુકવણી,**
- **બેરોજગારી ભથ્થાની ચુકવણી,**
- **વિલંબિત વેતન ચૂકવણી માટે વળતરની ચુકવણી,**
- **લિંગના આધારે ભેદભાવ,**
- **કાર્યસ્થળ સુવિધાઓ,**
- **કામનું માપન,**
- **કામની ગુણવત્તા,**
- **શ્રમિક વિસ્થાપન મશીનોનો ઉપયોગ,**
- **કોન્ટ્રાક્ટરોની વ્યસ્તતા,**
- **બેંક અથવા પોસ્ટ ઓફિસમાં ખાતાઓનું સંચાલન,**
- **ફરિયાદોની નોંધણી અને નિકાલ,**
- **મસ્ટર રોલ્સની ચકાસણી,**
- **દસ્તાવેજોનું નિરીક્ષણ,**
- **ભંડોળનો ઉપયોગ,**
- **ભંડોળનું પ્રકાશન,**
- **સામાજિક ઓડિટ દ્વારા બહાર લાવવામાં આવેલી કોઈપણ ગુનાહિત પ્રવૃત્તિઓ,**
- **રેકર્ડની જાળવણી,**
- **અધિનિયમ / અનુસૂચિઓમાં ખાતરી કરાયેલ કોઈપણ હકની વંચિતતા,**

Back To Index

પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી રાજેશકુમાર ઝાલા (કપડવંજ)

પ્રશ્ન : 3 રાજ્યમાં અત્યારસુધી લોકપાલ સમક્ષ કેટલી ફરિયાદો મળેલ છે? તે પૈકી કેટલી ફરિયાદોનો નિકાલ કરવામાં આવે છે અને કેટલી ફરિયાદો પડતર છે ?

જવાબ:

| ક્રમ | જિલ્લા | મળેલ કુલ ફરિયાદો | નિકાલ કરેલ કુલ ફરિયાદો | પડતર ફરિયાદો |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૨ | ૨૨ | ૦ |
| ૨ | અમરેલી | ૦ | ૦ | ૦ |
| ૩ | અરવલ્લી | ૦ | ૦ | ૦ |
| ૪ | બનાસકાંઠા | ૮ | ૫ | ૩ |
| ૫ | ભરૂચ | ૦ | ૦ | ૦ |
| ૬ | ભાવનગર | ૩ | ૧ | ૨ |
| ૭ | બોટાદ | ૧૧ | ૫ | ૬ |
| ૮ | છોટાઉદેપુર | ૦ | ૦ | ૦ |
| ૯ | ડાંગ | ૫૨ | ૫૦ | ૨ |
| ૧૦ | દાહોદ | ૪૧ | ૨૩ | ૧૮ |
| ૧૧ | ગાંધીનગર | ૧ | ૧ | ૦ |
| ૧૨ | ગીર સોમનાથ | ૩ | ૦ | ૩ |
| ૧૩ | જામનગર | ૦ | ૦ | ૦ |
| ૧૪ | ખેડા | ૦ | ૦ | ૦ |
| ૧૫ | મહેસાણા | ૫ | ૪ | ૧ |
| ૧૬ | મહીસાગર | ૦ | ૦ | ૦ |
| ૧૭ | મોરબી | ૦ | ૦ | ૦ |
| ૧૮ | નવસારી | ૨ | ૦ | ૨ |
| ૧૯ | પંચમહાલ | ૬ | ૪ | ૨ |
| ૨૦ | પાટણ | ૯ | ૬ | ૩ |
| ૨૧ | પોરબંદર | ૦ | ૦ | ૦ |
| ૨૨ | રાજકોટ | ૦ | ૦ | ૦ |
| ૨૩ | સાબરકાંઠા | ૯ | ૬ | ૩ |
| ૨૪ | સુરેન્દ્રનગર | ૧૫ | ૧૦ | ૫ |
| ૨૫ | તાપી | ૬ | ૪ | ૨ |
| ૨૬ | વડોદરા | ૦ | ૦ | ૦ |
| ૨૭ | વલસાડ | ૨ | ૧ | ૧ |
| | કુલ | ૧૯૫ | ૧૪૨ | ૫૩ |

**અત્યારસુધીમાં કુલ ૧૯૫ ફરિયાદો મળેલ છે, જે પૈકી ૧૪૨ ફરીયાદોનો નિકાલ કરવામાં આવેલ છે અને ૫૩ ફરિયાદો પડતર છે.**

Back To Index

## અન્ય પુરક માહિતી

**પ્રશ્ન : લોકપાલની સ્વાયત્તતા અને મહેનતાણાની જોગવાઇ શી છે?**

**જવાબ:**

- **લોકપાલને ફીના રૂપમાં રૂ. ૨૨૫૦/– (બે હજાર બસો પચાસ) પ્રતિ બેઠક દીઠ પરંતુ માસિક રૂ. ૪૫,૦૦૦/– ની મહત્તમ ઉપલી મર્યાદામાં રહીને વળતરની મંજૂરી આપવામાં આવશે. (માસિક ૨૦ બેઠક)**
- બેઠકનો અર્થ થાય છે ફરીયાદ સંબંધી દરરોજની કામગીરી, હેન્ડલ થયેલા કેસોની સંખ્યા અને કામના કલાકોના સંદર્ભમાં તેની અવધિને ધ્યાનમાં લીધા વગર, બેઠક દિવસના અમુક ભાગ માટે પણ હોઈ શકે છે અને બધી બેઠકોનું યોગ્ય રીતે ડોક્યુમેન્ટેશન થયેલ હોવું જોઈએ તેમજ ક્ષેત્રીય તપાસ કરવાના હેતુથી ડીપીસી પરિવહન સુવિધા પૂરી પાડશે.

**આ ઉપરાંત નીચે મુજબનું પ્રવાસ ભથ્થું અને મોઘવારી ભથ્થું મળવાપાત્ર છે.**

- રાજ્ય સરકારના વર્ગ – ૧ ના અધિકારીને મળવાપાત્ર ટીએ / ડીએની મંજૂરી આપવામાં આવી શકે છે. રાજ્ય સરકાર આ હેતુ માટે દર નક્કી પણ કરી શકે છે.
- રાજ્ય સરકાર જરૂરિયાત મુજબ સત્તાવાર હેતુ માટે લોકપાલને તેના સ્થાનિક પૂલમાંથી વાહન આપી શકે છે.
- મનરેગા ફંડમાંથી લોકપાલના ઉપયોગ માટે કોઈ નવું વાહન ખરીદી શકાતું નથી.
- લોકપાલ દ્વારા સત્તાવાર હેતુ માટે તેના પોતાના અથવા ભાડે રાખેલા વાહનના કિસ્સામાં, સંબંધિત જિલ્લો રાજ્ય સરકાર દ્વારા નિર્ધારિત દર પર મુસાફરીના ખર્ચની ભરપાઈ કરી શકે છે.
- **લોકપાલની કામગીરી દરમિયાન થયેલ ઓફિસ ખર્ચ, બેઠક ફી અને ટીએ / ડીએ મનરેગાની કલમ ૨૨ (૧) (સી) હેઠળ ૬ % વહીવટી ખર્ચમાંથી કરવામાં આવશે.**

Back To Index

**પ્રશ્ન :** લોકપાલ સમક્ષ ફરિયાદ દાખલ કરવાની પ્રક્રિયા શી છે ?

**જવાબ:** મહાત્મા ગાંધી નરેગા યોજનામાં **લોકપાલ સમક્ષ ફરિયાદ દાખલ કરવાની પ્રક્રિયા નીચે મુજબ છે;**

- મનરેગા ઓથોરિટી અથવા લાભાર્થી સામે કોઈપણ વ્યક્તિ પોતે અથવા તેમના અધિકૃત પ્રતિનિધિ દ્વારા લોકપાલને લેખિત અથવા ઈલેક્ટ્રીક માધ્યમથી ફરિયાદ કરી શકાય છે. જેમાં ફરિયાદી અથવા તેના અધિકૃત પ્રતિનિધિ દ્વારા યોગ્ય રીતે સહી કરવી જોઈએ અને સ્પષ્ટપણે ફરિયાદીનું નામ અને સરનામું, ઓફિસનું નામ અને નોડલ વિભાગના અધિકારી કે જેની વિરુદ્ધ ફરિયાદ કરવામાં આવી છે.

Back To Index